## આંક– ૫ લગત હુકમ

(૧) અરજી તથા રેકર્ડ વંચાણે લીધું, બંને પક્ષે વિ. વ. શ્રીઓને સાંભળ્યા.

(૨) આ કામના વાદીએ રે. દિ. મુ. નં. ૩૪/૨૦૨૧ થી આ કામના પ્રતિવાદી વિરૂધ્ધ ડેકલેરેશન તથા કાયમી મનાઈહુકમ મેળવવા માટે દાવો દાખલ કરેલ છે અને દાવો ચાલતાં સુધી વચગાળાનો મનાઈ હુકમ મેળવવા માટે સી. પી. સી. ઓર્ડર– ૩૯, રૂલ– ૧, ૨ તથા કલમ ૧૫૧ મુજબ હાલની અરજી રજુ કરેલ છે.

(૩) આ કામના પ્રતિવાદીને હાલની અરજી સંબંધે નોટિસની બજવણી થતાં તેઓએ પોતાના વકીલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૧ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેમણે મુખ્યત્વે વાદીનો દાવો તથા હાલની અરજીની હકીકતો ખોટી હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવ્યા મુજબ તેઓની મિલ્કત ઉપર વાદીનો કોઈ સુખાધિકાર આવેલો નથી. વાદીને પોતાના મકાનની પૂર્વ તથા પશ્વિમ દીશામાં જાળી વાળા દરવાજા આવેલા છે તેમજ મકાનની પશ્વિમ દીશાએ ૧૬ × ૨.૫ ફુટની ખુલ્લી ગેલેરી આવેલી છે આમ વાદીનુ મકાન તમામ રીતે હવા ઉજાસ વાળુ આવેલુ છે. વધુમાં પ્રતિવાદીએ પોતાની જુની દુકાનો તોડીને નવી દુકાનનું બાંધકામ કરેલ છે જેમાં વાદીના મકાન તરફની દિવાલ વાદીના મકાન વચ્ચે આશરે સાત ઈંચની જગ્યા છોડીને બનાવેલ છે તેમજ પ્રતિવાદીની દુકાનની ઉપર આશરે ૨૩ ફુટ જેટલી ખુલ્લી જગ્યા પ્રતિવાદીઓની આવેલી છે. વાદીએ પોતાની દિવાલમાં બે બારીઓ મુકેલ છે જે પ્રતિવાદીની દુકાનના ધાબા લેવલથી પાંચ ફુટ ઉપર આવેલ છે. વાદીએ જે બારીઓ મુકેલ છે તે તેમનો હકક ન હોવા છતા મુકેલ છે અને લોકોની ચઢવણીમાં આવીને વાદીએ હાલનો ખોટો દાવો કરેલ છે. જેથી વાદીનો દાવો તથા હાલની અરજી ચાલવાપાત્ર નથી તેમ જણાવેલ છે.

(૪) હાલની અરજીનો નિર્ણય કરતી વખતે વાદી દાવામાં સફળ થશે કે કેમ તે આ અદાલતે જોવાનું રહેતું નથી. પરંતુ, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ?,

અગવડતા સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે? અને જો માંગ્યા મુજબનો મનાઈહુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની કોઈ શકયતા રહેલી છે કે કેમ? તેટલું જ જોવાનું રહે છે.

(૫) વાદીની દાવા અરજીની હકીકત તથા હાલની અરજીમાં જણાવેલ હકીકતો તેમજ રજુ થયેલ સાધનિક કાગળો વંચાણે લેતાં જણાય છે કે દાવાવાળી મિલ્કત કે જેમાં વાદીનુ મકાન સીટી સર્વે નં–૪૭૧ વાળુ, પૂર્વ–પશ્ચિમ ૩૪ ફુટ લંબાઈ અને ૧૪.૯ ફુટ પહોળાઈ વાળુ આવેલુ છે તેની ઉત્તર દીશાએ પ્રતિવાદીઓની સીટી સર્વે નં.૪૬૮, ૪૬૯ તથા ૪૭૦ વાળી દુકાનો આવેલી છે અને હાલમાં પ્રતિવાદી તેમની પતરાં વાળી દુકાનો તોડીને નવી ધાબાવાળી દુકાનોનું બાંધકામ કરી રહયા છે. વાદીના મકાન ની ઉત્તર દીશાની દીવાલમાં હવા ઉજાસ માટેની બારીઓ અને જાળીયા આવેલ છે અને પ્રતિવાદીઓએ પોતાની દુકાનોનું બાંધકામ કરવાના કારણે વાદીના મકાનની બારીઓ તથા જાળીયા આગળ અવરોધ ઉભો થયેલ છે અને તેનાથી વાદીના હવા ઉજાસના સુખાધિકારનો ભંગ થતો હોવાનું વાદીનું કથન છે.

આ કામે વાદીની અરજી આધારે કોર્ટ કમીશ્નરશ્રીની નિમણુંક કરી દાવા વાળી જગ્યાની સ્થળ સ્થિતીનું પંચનામુ તથા નકશો તૈયાર કરવામાં આવેલ છે જે આ કામે નિ.૧૦/૨ તથા ૧૦/૩ થી રજુ થયેલ છે. સદર પંચનામુ તથા નકશો વંચાણે લેતાં પ્રતિવાદીઓએ પોતાના લેખીત જવાબમાં જણાવ્યા મુજબની સ્થળ સ્થિતી જણાય છે. વધુમાં વાદીએ નિ.૩/૪ થી રજુ કરેલ તકરારી મિલ્કતના ફોટા તથા ઉપરોકત પંચનામુ અને નકશો દયાને લેતાં પ્રતિવાદીની દુકાનોનું મોટા ભાગનું બાંધકામ થઈ ગયેલ હોવાનું જણાય છે.

વાદીનો હાલનો દાવો તેમના સુખાધિકારના રક્ષણ માટેનો છે અને પ્રતિવાદી પોતાની મિલ્કતમાં થતુ બાંધકામ આગળ વધારે નહી તેમજ પ્રતિવાદીએ કરેલ બાંધકામ તોડી પાડીને વાદીના હવા ઉજાસની બારીઓ તથા જાળીયા ખુલ્લા કરી આપે તેવી દાદ માંગેલ છે. પરંતુ

વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા માટે સૌ પ્રથમ પોતાના સુખાધિકાર અસ્તિત્વમાં હોવાનું પુરવાર કરવુ પડે. જો કે આ તબકકે વાદી પોતાનો હકક પુરવાર કરી શકસે કે કેમ ? તે હકીકત દયાને લેવાની નથી પરંતુ હાલની અરજીમાં વાદીએ માંગેલ દાદ દયાને લેતા પ્રતિવાદીને પોતાની માલીકીની મિલ્કતોમાં બાંધકામ કરતાં અટકાવવાનો પ્રશ્ન હોય તેવા સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ ફલીત થવો જોઈએ. વાદીની દાવા અરજીમાં જણાવેલ હકીકતો તથા રેકર્ડ પર રજુ થયેલ સાધનીક કાગળો તેમજ કોર્ટ કમીશ્નરશ્રીએ રજુ કરેલ પંચનામુ તથા નકશો વંચાણે લેતાં જણાય છે કે વાદીના મકાનની પૂર્વ તથા પશ્ચિમ બંને દીશાએ દરવાજા આવેલ છે અને હાલના તબકકે વાદીના મકાનમાં હવા ઉજાસની અવર જવર સંપૂર્ણ બંધ થઈ ગઈ હોય તેવા કોઈ સંજોગો જણાતાં નથી. આથી હાલના તબકકે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાતો નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં હોવાનું જણાતુ નથી અને જો હાલના તબબકે માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થવાની શકયતા જણાતી નથી. ઉલટાનું જો વાદીની માંગ્યા મુજબનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે તો પ્રતિવાદીને નુકશાન થવાની શકયતા જણાય છે. જેથી વાદીની હાલની અરજી મંજુર થવાપાત્ર જણાતી ન હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

વાદીની હાલની અરજી આથી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

– આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ તા.૬ માહે ફેબ્રુઆરી સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

મુ. કપડવંજ
તા.૦૬/૦૨/૨૦૨૪

(એચ. એ. પંડયા)
બીજા એડી. સીની. સીવીલ જજ,
કપડવંજ
જી.જે. ૦૧૨૦૩